ANCHOR STORY | TALK ON STARTUP

IIT-Gnમાં સ્ટાર્ટઅપના ફંડિંગ પરની ટોકમાં શ્રીપતિ આચાર્યએ કહ્યું,

# સ્ટાર્ટઅપમાં રોકાણના પૈસા કરતા પણ આંત્રપ્રિન્યોરનો સમય વધુ કિંમતી હોય

## આંત્રપ્રિન્યોરશીપ સેલ દ્વારા ફંડ રાઈઝિંગ માસ્ટરક્લાસનું આયોજન

સિટી રિપોર્ટર cbamdavad@gmail.com

'સ્ટાર્ટઅપમાં રોકાણના પૈસા કરતા આંત્રપ્રિન્યોરનો સમય વધુ કિંમતી હોય છે. માટે આંત્રપ્રિન્યોર્સે અગાઉથી સક્સેસની ખરાઈ કરીને જ સ્ટાર્ટઅપ સ્ટાર્ટ કરવું જોઈએ. જેથી નાણાં અને સમય બન્ને વેડફાય નહીં.' આ શબ્દો છે ક્રિવેન એડવાઈઝરના કો-ફાઉન્ડર શ્રીપતિ આચાર્યના. આઈઆઈટી ગાંધીનગરના આંત્રપ્રિન્યોરશીપ સેલ દ્વારા યોજાયેલા ફંડ રાઈઝિંગ માસ્ટરક્લાસમાં તેમણે આ વાત કહી. તેમણે વિદ્યાર્થીઓ સાથે સ્ટાર્ટઅપ માટે રોકાણકારોને આકર્ષવાથી માંડી સ્ટાર્ટઅપ માટેના પ્લાનિંગ સુધીનું નોલેજ શેર કર્યું હતું. તેમણે અંતમાં ઉમેર્યું હતું કે, 'દરેક આંત્રપ્રિન્યોરે એવા જ આઈડિયા વિચારવા જોઈએ જે માર્કેટમાં પ્રવર્તતી સ્પર્ધામાં ટકી શકે.'

### માસ્ટરક્લાસમાં ગુજરાત અને રાજસ્થાનના સ્ટુડન્ટ્સે ભાગ લીધો



• ક્રિવેન એડવાઈઝરના કો-ફાઉન્ડર શ્રીપતિ આચાર્ય

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી(આઈઆઈટી) ગાંધીનગર દ્વારા શરૂ કરાયેલા માસ્ટર ક્લાસમાં એક્સપર્ટ પાસે રહેલુ નોલેજ સ્ટુડન્ટસ સુધી પહોંચે તે હેતુથી લેક્ચર સિરિઝ ચલાવવામાં આવે છે. જેમાં આ વખતે યોજાયેલા માસ્ટરક્લાસમાં ગુજરાતની વેલ નોન એજ્યુકેશન ઈન્સ્ટિટ્યૂટ્સ ઉપરાંત રાજસ્થાનની એજ્યુકેશન ઈન્સ્ટિટ્યૂટમાંથી પણ વિદ્યાર્થીઓએ ભાગ લઈને એક્સપર્ટ પાસેથી પોતાની સ્ટાર્ટઅપ અંગેની ક્વેરિઝ સોલ્વ કરી હતી.

**Title:** Entrepreneur’s time is more important than the investment in startup
**Source:** City Bhaskar (Pg. no. 01 Anchor Story)
**Date:** 08/12/2018